# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત

જિલ્લા સેવા સદન-૨,એ બ્લોક ત્રીજો માળ,અઠવાલાઈન્સ, સુરત
Phone No: (0261) 2662903, Fax No: 2662902, Email Id: suratdeo@gmail.com

ક્રમાંક:-RMSA/કલા ઉત્સવ/૨૦૨૪/ 14197-204

તા.૦૪/૧૦/૨૦૨૪

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા,તમામ,
(RMSA, KGBB, ગ્રાન્ટેડ,મોડેલ,ખાનગી)
જિ.સુરત

વિષય:-કલા ઉત્સવ-૨૦૨૪-૨૫ ના જિલ્લા કક્ષાની સ્પર્ધાની એંટ્રી મોકલી આપવા બાબત.
સંદર્ભ:-એસપીઓ,સમગ્ર શિક્ષા, ગાંધીનગર,એસએસ/QEM/કલા ઉત્સવ/૨૦૨૪/૪૪૮૫૬-૯૩૨ તા.03/૧૦/૨૦૨૪

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે,કલા ઉત્સવ-૨૦૨૪-૨૫ જિલ્લા કક્ષાએ

(૧) કંઠ્ય સંગીત,( VOCAL MUSIC )
(૨) વાદ્ય સંગીત, ( INSTRUMENTAL MUSIC)
(૩) નૃત્ય, ( DANCE)
(૪) થીયેટર ડ્રામા
(૫) પરંપરાગત વાર્તા વાંચન(TRADITIONAL STORY TELLING)
(૬) દ્રશ્ય કલા (VISUAL ARTS)

વગેરે જિલ્લા કક્ષાની સ્પર્ધાનું આયોજન <u>શ્રી કે એન્ડ એમ.પી સાર્વજનિક સ્કુલ,</u> સહકારી મંડળી સામે અમરોલી, તા-૦૯/૧૦/૨૦૨૪ રોજ સવારે ૦૯:૦૦ કલાકે થવાનું હોય આ સંદર્ભદર્શિત પત્રનો આપની કક્ષાએથી સંપૂર્ણ અભ્યાસ કરી સુચના અનુસાર ઉકત સ્પર્ધામાં ભાગ લેવા નામની એન્ટ્રી જિલ્લા શિક્ષણઅધિકારી કચેરીમાં વોકેશનલ શાખામાં જોષી જીતેન્દ્રભાઈને હાર્ડકોપી તા- ૦૮/૧૦/૨૦૨૪ સુધીમાં મોકલી આપવા.

નોંધ:- સ્પર્ધામાં જે બાળકો એ ભાગ લીધો હોય તે બાળકો એ સંબંધિત સ્પર્ધાને લગતા સાધનો પોતાની જાતે લઈને સ્પર્ધાના સ્થળ પર આવવાનું રહેશે.

<u>બિડાણ:</u>- (૧) સંદર્ભદર્શિત પત્ર
(૨) એન્ટ્રી મોકલવાનો નમુનો

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જીલ્લો-સુરત

# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત

જિલ્લા સેવા સદન-૨,એ બ્લોક ત્રીજો માળ,અઠવાલાઈન્સ, સુરત
Phone No: (0261) 2662903, Fax No: 2662902, Email Id:suratdeo@gmail.com

ક્રમાંક:-RMSA/કલા ઉત્સવ/૨૦૨૪/ 14197-204 તા.૦૪/૧૦/૨૦૨૪

પ્રતિ,

આચાર્યશ્રી,

સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા,તમામ,

(RMSA, KGBB, ગ્રાન્ટેડ,મોડેલ,ખાનગી)

જિ.સુરત

વિષય:-કલા ઉત્સવ-૨૦૨૪-૨૫ ના જિલ્લા કક્ષાની સ્પર્ધાની એંટ્રી મોકલી આપવા બાબત.

સંદર્ભ:-એસપીઓ,સમગ્ર શિક્ષા, ગાંધીનગર,એસએસ/QEM/કલા ઉત્સવ/૨૦૨૪/૪૪૮૫૬-૯૩૨ તા.૦૩/૧૦/૨૦૨૪

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે,કલા ઉત્સવ-૨૦૨૪-૨૫ જિલ્લા કક્ષાએ

(૧) કંઠ્ય સંગીત,( VOCAL MUSIC )

(૨) વાદ્ય સંગીત, ( INSTRUMENTAL MUSIC)

(૩) નૃત્ય, ( DANCE)

(૪) થીયેટર ડ્રામા

(૫) પરંપરાગત વાર્તા વાંચન(TRADITIONAL STORY TELLING)

(૬) દૃશ્ય કલા (VISUAL ARTS)

વગેરે જિલ્લા કક્ષાની સ્પર્ધાનું આયોજન **શ્રી કે એન્ડ એમ.પી સાર્વજનિક સ્કુલ,** સહકારી મંડળી સામે અમરોલી, તા-૦૯/૧૦/૨૦૨૪ રોજ સવારે ૦૯:૦૦ કલાકે થવાનું હોય આ સંદર્ભદર્શિત પત્રનો આપની કક્ષાએથી સંપૂર્ણ અભ્યાસ કરી સુચના અનુસાર ઉકત સ્પર્ધામાં ભાગ લેવા નામની એન્ટ્રી જિલ્લા શિક્ષણઅધિકારી કચેરીમાં વોકેશનલ શાખામાં જોષી જીતેન્દ્રભાઈને હાર્ડકોપી તા- ૦૮/૧૦/૨૦૨૪ સુધીમાં મોકલી આપવા.

નોંધ:- સ્પર્ધામાં જે બાળકો એ ભાગ લીધો હોય તે બાળકો એ સંબંધિત સ્પર્ધાને લગતા સાધનો પોતાની જાતે લઈને સ્પર્ધાના સ્થળ પર આવવાનું રહેશે.

બિડાણ:- (૧) સંદર્ભદર્શિત પત્ર
(૨) એન્ટ્રી મોકલવાનો નમુનો

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જીલ્લો-સુરત

સવિનય નકલ રવાના જાણ સારૂ:-

(૧) પ્રતિ,સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી,સમગ્ર શિક્ષા, સમગ્ર શિક્ષાની કચેરી,સેક્ટર-૧૭, ગાંધીનગર
(૨) માનનીય પ્રાચાર્યશ્રી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,સુરત
(૩) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
(૩) જિલ્લા રમત ગમત અધિકારીશ્રી,સુરત.

નકલ રવાના જાણ અને કાર્યવાહી અર્થે :-

(૧) પ્રતિ, આચાર્યશ્રી શ્રી કે એન્ડ એમ.પી સાર્વજનિક સ્કુલ સહકારી મંડળી સામે અમરોલી, (સુચારુ વ્યવસ્થા અને આયોજન કરવા સારું)

નકલ રવાના જાણ:-

(૧) એકોઉન્ટ ઓફીસરશ્રી / T.T શ્રી સમગ્ર શિક્ષા,સમગ્ર શિક્ષાની કચેરી,નાનપુરા – સુરત તથા SMC, સમગ્ર શિક્ષાની કચેરી,સુરત (સંદર્ભ દર્શિત પત્ર અનુસાર તમામ OIC)
(૨) નોડલ ઓફિસરશ્રી,એજ્યુકેશન ઇન્સ્પેક્ટર (EI) તમામ, જિલ્લા શિક્ષણાધીકારી કચેરી, સુરત
(૩) પ્રતિ BRC / URC / BRP/ CRC (શાળાઓને જાણ કરવાં સારું)

# કલા ઉત્સવ -૨૦૨૪-૨૫ એન્ટ્રી મોકલવાનો નમુનો

| ક્રમ | વિદ્યાર્થી નું નામ | ધોરણ | કુમાર/કન્યા | કૃતિ કેટેગરી/વિભાગ મુજબ | શાળાનું નામ | શાળાનો પ્રકાર | જવાબદાર આચાર્યશ્રી/શિક્ષકનું નામ અને મોબઈલ નંબર | વિદ્યાર્થી નો બેંક એકાઉન્ટ અને IFSC CODE / મોબઈલ નંબર(પાસબુક મુજબ) |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | | | | | | |
| ૨ | | | | | | | | |
| ૩ | | | | | | | | |
| ૪ | | | | | | | | |
| ૫ | | | | | | | | |
| ૬ | | | | | | | | |
| ૭ | | | | | | | | |
| ૮ | | | | | | | | |

નોંધ :-

(૧) માંગેલ નમુના મુજબ જ સંપૂણ માહિતી ભરીને મોકલવી. અપૂતર્ત્તા રાખવી નહિ.

(૨) ચાલુ વર્ષના નેશનલ લેવલના કલા ઉત્સવમાં અગાઉના વર્ષના (પેહલો ,બીજો ,ત્રીજો નંબર ) વિજેતાને સામેલ કરવાના નથી.

(૩) પૂછ પરછ માટે મોબઈલ નંબર :- ૯૧૦૬૩ ૬૮૪૬૬ ( જીતેન્દ્રભાઈ ) તા-૦૯/૧૦/૨૦૨૪ સુધી કોઈ શાળા કે વિદ્યાર્થી જિલ્લા કક્ષાના કલા ઉત્સવમાં ભાગ લઈ શકશે પણ ઉપરોક્ત નંબર પર જાણ કરવી જરૂરી છે.

પાયાની સંખ્યાજ્ઞાન અને અંક જ્ઞાન

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ, સમગ્ર શિક્ષા,
સેક્ટર–૧૭, ગાંધીનગર
વેબસાઈટ : www.ssagujarat.org
ઈ–મેલ : qem-gcsess@gujarat.gov.in

પત્રક્માંક : એસએસ/QEM/કલા ઉત્સવ/૨૦૨૪/ ૪૪૮૫૬-૯-૩૨ તા. 03/10/2024

પ્રતિ,

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, જિલ્લા તમામ
- જિલ્લા પ્રોજેક્ટ કો–ઓર્ડિનેટર અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, સમગ્ર શિક્ષા, જિલ્લા : તમામ.
- એડી. જિલ્લા પ્રોજેક્ટ કો–ઓર્ડિનેટર અને શાસનાધિકારીશ્રી, અમદાવાદ, રાજકોટ, વડોદરા, સુરત

**વિષય : કલા ઉત્સવ ૨૦૨૪–૨૫ના આયોજન અંગે.**
**સંદર્ભ : (૧) કલા ઉત્સવ ૨૦૨૪–૨૫ ની ગાઈડ લાઈન**
**(૨) નોંધ ઉપર માન.એસપીડીશ્રીની મંજુરી અન્વયે**

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, NCERT ધ્વારા કલા ઉત્સવ વર્ષ : ૨૦૨૪–૨૫ ના આયોજન સંદર્ભે ગાઈડ લાઈન વેબસાઈટ પરથી ડાઉનલોડ કરી મેળવેલ છે. ગાઈડ લાઈનની વિગતો જોતાં, ગત વર્ષના કલા ઉત્સવની ૧૦ એકટીવીટીમાં ફેરફાર કરવામાં આવેલ છે. જેથી આ વર્ષની સુધારેલ ગાઈડ લાઈનની વિગતો અનુસાર આ વર્ષના કલા ઉત્સવનું ૦૬ એકટીવીટી મુજબ આયોજન કરવાનું થાય છે. આ વર્ષની કલા ઉત્સવની થીમ વિકસિત ભારત છે.

છેલ્લા ૪ વર્ષથી રાજય કક્ષાએથી કલા ઉત્સવનું આયોજન જિલ્લા, ઝોન અને રાજય કક્ષા એમ ૩ તબકકામાં યોજવામાં આવે છે.

ગત વર્ષે જિલ્લા, ઝોન અને રાજયકક્ષાનો કલા ઉત્સવ કોવિડ–૧૯ ની ગાઈડલાઈનનું પાલન કરીને, જે તે સ્તરે ઓફલાઈન મોડથી આયોજિત કરવામાં આવેલ હતો. જયારે નેશનલ કક્ષાનો કલા ઉત્સવ ન્યુ દિલ્લી ખાતે યોજવામાં આવેલ હતો. નેશનલ લેવલના કલા ઉત્સવમાં રાજયમાંથી ૧૯ બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈને, ખૂબ સારુ પ્રદર્શન કરેલ હતુ જે બદલ તે સર્વેને ખૂબ ખૂબ અભિનંદન.

કલા ઉત્સવ–૨૦૨૪–૨૫નું સમગ્ર આયોજન NCERT, ન્યુ દિલ્લી ધ્વારા મળેલ ગાઈડ લાઈન(આ સાથે સામેલ છે)આધારે કરવાનું થાય છે જે માટે જિલ્લાઓને તે ગાઈન લાઈન આધારે ઉપર દર્શાવેલ વિગતોમાંથી જરૂરી વિગતો તથા નીચે મુજબની વિગતો સમાવિષ્ટ કરીને જિલ્લાઓને જિલ્લાકક્ષા, ઝોનકક્ષા, રાજયકક્ષાનો કલા ઉત્સવનું આયોજન કરવાનું રહેશે.

**કલા ઉત્સવ–૨૦૨૪–૨૫ :**

કલા ઉત્સવ શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગ (DES&L), શિક્ષણ મંત્રાલય (MoE)નો વર્ષ : ૨૦૧૫ માં શરૂ કરવામાં આવેલ મુખ્ય કાર્યક્રમ છે. કલા ઉત્સવનો ઉદ્દેશ્ય (ધો.૯ થી ૧૨)માધ્યમિક સ્તરના વિદ્યાર્થીઓમાં રહેલી વિવિધ કળાઓને લગતી પ્રતિભાને પ્રોત્સાહન આપવા અને તેઓમાં રહેલા કૌશલ્યોનું પ્રદર્શન કરવાનો છે. શાળા, જિલ્લા, રાજય અને રાષ્ટ્રીય સ્તરે યોજાતા કલા ઉત્સવનું આયોજન વિદ્યાર્થીઓને ભારતીય કલા અને સંસ્કૃતિમાં રહેલ વિવિધતાઓને સમજવા અને તેને ઉત્સવના રૂપમાં મનાવવા માટેનું મંચ પુરૂ પાડે છે.

કલા ઉત્સવનું આયોજન માત્ર એક ગતિવિધિ સ્વરૂપે ન રહેતા વિદ્યાર્થીઓમાં રહેલી વિવિધ કલાઓની પ્રતિભાને ઓળખવા, શોધવા, સમજવા, અભ્યાસ કરવા, વિકસાવવા અને પ્રદર્શિત કરવાની વ્યાપક પ્રક્રિયા છે. આ ઉત્સવમાં સ્પર્ધક પોતાની સાંસ્કૃતિક પરંપરાઓના વિવિધ સ્વરૂપો પ્રદર્શિત કરવાનો આનંદ મેળવવાની સાથે એક ભારત શ્રેષ્ઠ ભારત પહેલની સાર્થકતામાં યોગદાન આપે છે. કલા ઉત્સવ વિદ્યાર્થીઓમાં રહેલી કલાત્મક પ્રતિભાને પોષણ આપે છે, તેઓની સંસ્કૃતિને સમજવા પ્રોત્સાહિત કરે છે અને ભારતની સાંસ્કૃતિક પરંપરાઓ વિદ્યાર્થીઓમાં પ્રચલિત કરવા મહત્વની ભૂમિકા ભજવે છે. તે ઉપરાંત શાળાઓની સાથે કલાકારો, શિલ્પકારો અને સાંસ્કૃતિક સંસ્થાઓને જોડવા સહાયરૂપ બને છે. કલા ઉત્સવની પરિકલ્પના સમાજના દરેક વર્ગોને મુખ્ય ધારામાં સાથે લાવી અને તેઓની પ્રતિભાઓ અને ક્ષમતાઓના પ્રદર્શન માટે એક સમાન મંચના રૂપમાં એક સંપૂર્ણ તક પૂરી પાડે છે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP)૨૦૨૦ શિક્ષણના માધ્યમથી કલા અને સંસ્કૃતિને જોડવા પર ભાર મૂકે છે. પરંપરાગત લોક કલા અને શાસ્ત્રીય કલા સ્વરૂપો પર ધ્યાન કેન્દ્રિત કરવાની સાથે કલા ઉત્સવ-૨૦૨૪ નવા અને નવીન કલા સ્વરૂપોના ક્ષેત્રમાં એક નવી વિચારધારાનું સર્જન અને વિકાસ પણ કરશે. વિવિધ કલાત્મક અભિવ્યક્તિઓની વિશિષ્ટતાને પ્રકાશિત કરતી અને ભારતના સમૃધ્ધ, ગતિશીલ અને વૈવિધ્યસભર વારસાને સમૃધ્ધ, ગતિશીલ અને પ્રતિબિંબિત છ વ્યાપક શ્રેણીઓમાં ભાગ લેવા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવે છે. ચાલુ વર્ષે કલા ઉત્સવ માર્ગદર્શિકામાં પુરસ્કારો છ કેટેગરીમાં આપવામાં આવેલ છે. રાજયો, કેન્દ્રશાસિત પ્રદેશો, કેન્દ્રિય વિદ્યાલય સંગઠન(KVS), નવોદય વિદ્યાલય સમિતિ(NVS),એકલવ્ય મોડેલ રેસીડેન્સીય સ્કુલ(EMRS) છ કેટેગીરીઓમાંથી કોઈપણ એક પેટા કેટેગીરીમાં ભાગ લઈ શકશે. આ વર્ષની કલા ઉત્સવની થીમ વિકસિત ભારત છે.

**કલા ઉત્સવના ક્ષેત્રો :**

(૧) કંઠય સંગીત (Vocal Music)
(૨) વાદ્ય સંગીત (Instrumental Music)
(૩) નૃત્ય (Dance)
(૪) થિયેટર(Theatre) / ડ્રામા (Drama)
(૫) દ્રશ્ય કલા (Visual Arts)
(૬) પરંપરાગત વાર્તા વાંચન (Traditional Story Telling)

**કલા ઉત્સવ (જિલ્લા/ઝોન/રાજય કક્ષા) : કેટેગરી/ વિભાગ પ્રમાણેની વિગતો :**

| ક્રમ | કેટેગરી/વિભાગ | પ્રવેશ (કુમાર/કન્યા) | પેટા શ્રેણી(દરેક ટીમ ધ્વારા માત્ર એક પેટા કેટેગરી પસંદ કરી શકાશે.) |
|---|---|---|---|
| ૧ | કંઠય સંગીત (Vocal Music) | ૧ વિદ્યાર્થી | કલાસીકલ, લોક/આદિવાસી, ધાર્મિક |
| | | વધુમાં વધુ ૫ વિદ્યાર્થી | સમુહગાન, લોકગીત, આદિવાસી સંસ્કૃતિ ગીત, ભકિતગીત, દેશભકિત ગીત |
| ૨ | વાદ્ય સંગીત (Instrumental Music) | ૧ વિદ્યાર્થી | કલાસીકલ, અવનધ્ય વાદ્ય, સ્વર વાદ્ય(તાર/તંત, સુષિર) |
| | | વધુમાં વધુ ૫ વિદ્યાર્થી | ઓર્કેસ્ટ્રા ગૃપ(લોક/શાસ્ત્રીય) |
| ૩ | નૃત્ય (Dance) | ૧ વિદ્યાથી | કલાસીકલ (ભારતનું કોઈપણ શાસ્ત્રીય નૃત્ય) |
| | | વધુમાં વધુ ૫ વિદ્યાર્થી | પ્રાદેશિક (લોક/આદિવાસી) સમકાલીન કોરિયોગ્રાફી (બિન ફિલ્મી) |
| ૪ | થિયેટર(Theatre)/ ડ્રામા (Drama) | ૧ વિદ્યાર્થી | મોનોએકટ, મિમિક્રી સોલો |
| | | વધુમાં વધુ ૫ વિદ્યાર્થી | માઈમ, ગૃપ થિયેટર/નાટક |
| ૫ | પરંપરાગત વાર્તા વાંચન (Traditional Story Telling) | ૧ અથવા ૨ વિદ્યાર્થી | પરંપરાગત વાર્તા કહેવામાં સહભાગીઓ એક અથવા વધુ કલા સ્વરૂપો(નૃત્ય, સંગીત, નાટક અથવા દ્રશ્યકલા અથવા આમાંથી કોઈ એક કરતા વધુ કલાનો ઉપયોગ સ્વરૂપનો કરી શકશે) |
| ૬ | દ્રશ્ય કલા (Visual Arts) | ૧ વિદ્યાર્થી | (દ્વિ પરિમાણિય-2D) ચિત્રકામ, પેઈન્ટીગ, પ્રિન્ટીગ, કાર્ટુન, કેરિકેચર (ત્રિ પરિમાણિય-3D), શિલ્પ/મૂર્તિકલા, મૂર્તિ-મોબાઈલ, સ્વદેશી રમકડાં અને રમતા અને સ્થાનિક હસ્તકલા (શિલ્પ) |

**ખાસ નોંધ : ઉકત ક્રમ-(૧) થી ક્રમ-(૬)ની પ્રત્યેક કેટેગરીમાં એકલ(૧ વિદ્યાર્થી (કુમાર/કન્યા)) અથવા ગ્રુપ(વધુમાં વધુ ૫ વિદ્યાર્થી (કુમાર/કન્યા))ભાગ લઈ શકશે.**

ઉકત બાબતોને ધ્યાનમાં લઈ, કલા ઉત્સવ ૨૦૨૪-૨૫ નું આયોજન નીચે મુજબ ચાર સ્તરે કરીએ. જેમાં જિલ્લાની સરકારી, સરકારી ગ્રાન્ટેડ અને ખાનગી(નોન ગ્રાન્ટેડ)શાળાના ૯ થી ૧૨ ના વર્ગના વિદ્યાર્થીઓને સહભાગી કરવાના છે.(દિવ્યાંગ / વિકલાંગ બાળકોનો પણ સમાવેશ કરવો.

**<u>ખાસ નોંધ : ચાલુ વર્ષના નેશનલ લેવલના કલાઉત્સવમાં અગાઉના વર્ષના કલા ઉત્સવ(પહેલો, બીજો, ત્રીજો નંબર)વિજેતાને સામેલ કરવાના નથી. તે જોતાં જિલ્લા, ઝોન અને રાજય કક્ષાના કલા ઉત્સવમાં પણ આ સ્પર્ધકોને સામેલ કરવાના ન હોઈ, તેની ચકાસણી જિલ્લા કક્ષાએ કરવી.</u>**

નેશનલ લેવલના કલા ઉત્સવમાં રાજય કક્ષાના કલાઉત્સવ પ્રદર્શનની એક વિડીયો ફિલ્મ બતાવવાની છે. જેના અનુસંધાને વિઝયુઅલ આર્ટ(2 D, 3 D, દેશી રમકડા) માં વિડીયો ફિલ્મની સાથે કલાકૃતિઓનો ફોટોગ્રાફ પણ મોકલવા. વિડીયો ફિલ્મ ૨ થી ૩ મિનીટનો રહેશે.

**કલા ઉત્સવ ૨૦૨૪–૨૫ ના આયોજનના તબકકા :**

(૧) પ્રથમ તબકકો – જિલ્લા કક્ષાની સ્પર્ધા (જિલ્લા કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા માટે આવેલ એન્ટ્રીના સ્પર્ધકો)
(૨) બીજો તબકકો – ઝોન કક્ષાની સ્પર્ધા (જિલ્લા કક્ષાની સ્પર્ધાના જે તે વિભાગના પ્રથમ ક્રમના વિજેતા/સ્પર્ધક)
(૩) ત્રીજો તબકકો – રાજય કક્ષાની સ્પર્ધા (ઝોન કક્ષાની સ્પર્ધાના જે તે વિભાગના પ્રથમ ક્રમના વિજેતા/સ્પર્ધક)

રાજયકક્ષાએ વિજેતા થયેલ સ્પર્ધકો/શાળાને નેશનલ લેવલના ઓફલાઈન કલા ઉત્સવમાં ભાગ લેવા આયોજન મુજબ મોકલવાના રહેશે.

**કાર્યક્રમનું અમલીકરણ :** કલા ઉત્સવ કાર્યક્રમનું અમલીકરણ નીચે મુજબ કરવાનું રહેશે.

(૧) જિલ્લાકક્ષા, ઝોનકક્ષા અને રાજયકક્ષાનો કલા ઉત્સવ ઓફ લાઈન મોડથી કરવાનો રહેશે.
(૨) જે તે કક્ષાના કલા ઉત્સવમાં ભાગ લેવા માટેના સભ્યો/શાળાઓને તેમની સ્પર્ધકોની એન્ટ્રી નિયત સમયગાળામાં મોકલવા જણાવવામાં આવે છે.

ઉકત તમામ સ્પર્ધાઓમાં રાજયની ધો ૯ થી ૧૨ ધરાવતી તમામ સરકારી માધ્યમિક શાળાઓ, કેજીબીવી, મોડેલ ડે સ્કુલ, મોડેલ સ્કુલ, ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ શાળાઓને ડીઈઓ/ડીપીસી મારફતે સત્વરે જાણ કરવાની રહેશે.

વધુમાં શિક્ષકો ધ્વારા પોતાની શાળાના બાળકો પૈકી ઉકત ઈવેન્ટમાં સામેલ થવા પ્રોત્સાહિત કરવા પ્રતિ શિક્ષકે અંદાજે ૧૦ બાળકો/વાલીઓનો ફોનથી સંપર્ક કરી શકશે. ગ્રામ્ય વિસ્તારની શાળાઓમાં પ્રાથમિક શાળાના શિક્ષકો, બીઆરસી/સીઆરસી/બીઆરપી ધ્વારા સપંર્ક કરીને આ સંદર્ભે મદદ કરવી.

જિલ્લા અને ઝોનકક્ષાની સ્પર્ધા માટે નોડલ ઓફિસર તરીકે એજયુકેશન ઈન્સ્પેકટર(EI), ડીઈઓ કચેરી તથા જે જિલ્લામાં આસિ. કો.ઓ. સેકન્ડરી હોય ત્યાં તે તથા તે જિલ્લાની સમગ્ર શિક્ષા કચેરીના મદદનીશ જિલ્લા કો.ઓર્ડિનેટર–કવોલિટી એજયુકેશન એન્ડ મોનીટરીંગ(ટીટી)સંયુકત રીતે સબ નોડલ ઓફિસર તરીકે રહેશે. તેમજ કલા ઉત્સવની તમામ કામગીરી આસિ.કો.ઓ. સેકન્ડરીએ કરવાની રહેશે. જે જિલ્લામાં આ જગ્યા ભરાયેલ નથી જિલ્લા સમગ્ર શિક્ષા કચેરીના મદદનીશ જિલ્લા કો.ઓર્ડિનેટર–કયુઈએમ(ટીટી) રહેશે.

**જિલ્લા/ઝોન કક્ષાની સમગ્ર સ્પર્ધાના સુચારુ અમલીકરણ નીચે દર્શાવેલ કમિટી રહેશે.**

(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી(કન્વીનર) (૨) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
(૩) પ્રાચાર્યશ્રી, ડાયટ (૪) જિલ્લા રમત ગમત અધિકારીશ્રી

જિલ્લા અને ઝોન કક્ષાની સ્પર્ધામાં જે તે લેવલે આવેલ એન્ટ્રીની સંપૂર્ણ ચકાસણી અને સ્પર્ધા સંબંધિત તમામ પૂર્વ તૈયારી જે તે સ્તરના નોડલ ઓફિસર અને સહનોડલ ઓફિસરના માર્ગદર્શન નીચે મુજબની સમિતિને કરવાની રહેશે.

| જિલ્લા ઓઆઈસી | સ્પર્ધા |
|---|---|
| જિલ્લા ઓઆઈસી કયુઈએમ | કંઠય સંગીત (Vocal Music)<br>વાદ્ય સંગીત (Instrumental Music) |
| જિલ્લા ઓઆઈસી આઈઈડી | નૃત્ય (Dance)<br>પ્રાદેશિક (લોક/આદિવાસી) સમકાલીન કોરિયોગ્રાફી (બિન ફિલ્મી) |
| જિલ્લા ઓઆઈસી જેન્ડર એજયુકેશન | થિયેટર(Theatre) / ડ્રામા (Drama)<br>દૃશ્ય કલા (Visual Arts) |
| જિલ્લા રીસોર્સ પર્સન(એ.એસ) | પરંપરાગત વાર્તા વાંચન (Traditional Story Telling) |

**કલા ઉત્સવ (જિલ્લા/ઝોન/રાજય કક્ષા)ની વિગતો અને સમયપત્રક**

| લેવલ | તારીખ | સ્પર્ધાનું સ્થળ |
|---|---|---|
| જિલ્લાકક્ષા | ૦૯, ઓકટોબર અને ૧૦, ઓકટોબર, ૨૦૨૪ | જિલ્લા ધ્વારા પસંદિત સ્થળે |
| ઝોનકક્ષા | ૨૫,ઓકટોબર અને ૨૬, ઓકટોબર, ૨૦૨૪ | ઝોનકક્ષાના જિલ્લા ધ્વારા પસંદિત સ્થળે |
| રાજયકક્ષા | ૨૧,નવેમ્બર અને ૨૨, નવેમ્બર, ૨૦૨૪ | ઝોનકક્ષાના જિલ્લા ધ્વારા પસંદિત સ્થળે |

**નોંધ : દૃશ્ય કલા (Visual Arts)સ્પર્ધા બાબતે કલા ઉત્સવની ગાઈડ લાઈન મુજબ ૨ દિવસનો સમયગાળો નકકી કરેલ છે.આ સ્પર્ધામાં જરૂર જણાયે ૩ દિવસ કરી શકાશે.**

**જિલ્લાકક્ષાની સ્પર્ધા, ઝોનકક્ષાની સ્પર્ધા, અને રાજયકક્ષાની સ્પર્ધા માટે નિષ્ણાંત/ જયુરી :**

- પ્રત્યેક સ્તરે સ્પર્ધા વાઈઝ ૦૩ તજજ્ઞો/નિષ્ણાંત/જયુરી(જે પૈકી ૧ સભ્ય જે તે જિલ્લાના DIET માંથી રહેશે)નીચે મુજબ રહેશે.
- કંઠય સંગીત (Vocal Music) માટે ૩ નિષ્ણાંત/ જયુરી કે જે કંઠય સંગીત અંગેનું બહોળુ જ્ઞાન ધરાવતા હોય.
- વાદ્ય સંગીત(Instrumental Music) માટે ૩ નિષ્ણાંત/ જયુરી કે જે વાદ્ય સંગીત અંગેનું બહોળુ જ્ઞાન ધરાવતા હોય.
- નૃત્ય (Dance) માટે ૩ નિષ્ણાંત/ જયુરી કે જે નૃત્ય અંગેનું બહોળુ જ્ઞાન ધરાવતા હોય.
- થિયેટર(Theatre) / ડ્રામા (Drama) તથા પરંપરાગત વાર્તા વાંચન (Traditional Story Telling)માટે ૩ નિષ્ણાંત/ જયુરી કે જે થિયેટર/નાટક અંગેનું બહોળુ જ્ઞાન ધરાવતા હોય.જે પૈકી ૦૧ પરંપરાગત વાર્તા વાંચન અંગેનું બહોળુ જ્ઞાન ધરાવતા હોય.
- દ્રશ્ય કલા(Visual Arts)માટે ૩ નિષ્ણાંત/ જયુરી, જેમાં ૧ તજજ્ઞ ડ્રોઈંગ, ૧ પેઈન્ટીગ અને ૧ તજજ્ઞ પ્રિન્ટ(છાપકામ) અંગેનું બહોળુ જ્ઞાન ધરાવતા હોય.

**<u>સ્પર્ધાનું સ્વરૂપ :</u>**

**(૧) જિલ્લાની સ્પર્ધા :**

- જિલ્લાકક્ષાની સ્પર્ધા ઓફલાઈન મોડથી યોજવી.
- જિલ્લાકક્ષાની સ્પર્ધા ઉપર દર્શાવેલ ૧ થી ૬ ક્ષેત્રોમાં યોજવી.

**<u>(દરેક ક્ષેત્રમાંથી કોઈ એક કુમાર અથવા કન્યા અથવા એક ટીમ મુજબ માત્ર એક વિજેતાને આગળના તબકકાની સ્પર્ધામાં ભાગ લેવા મોકલાશે. આમ કુલ છ ક્ષેત્રો પૈકી દરેક ક્ષેત્રમાંથી એક માત્ર વિજેતા એકલ અથવા એક ટીમ જે તે ક્ષેત્રની વિજેતા કુમાર અથવા કન્યા અથવા મિશ્ર હોઈ શકે.)</u>**

- જિલ્લાકક્ષાની સ્પર્ધા તા.૦૯, ઓકટોબર (બુધવાર) થી ૧૦, ઓકટોબર(ગુરૂવાર)–૨૦૨૪ દરમ્યાન (સંભવિત) જિલ્લાકક્ષાએ યોજવાની રહેશે. જેમાં ૧ દિવસમાં ૨–૩ સ્પર્ધા શકય હોય તો યોજી શકાશે. અથવા અલગ અલગ ઈન્વેન્ટ માટે બે સેશનમાં પણ યોજી શકાય. તે અંગેની શકયતા નોડલ ઓફિસરે ચકાસીને જિલ્લા કક્ષાની સ્પર્ધા માટેની સમિતિના સભ્યોની સલાહ–પરામર્શનમાં ગોઠવવી.
- જિલ્લા કક્ષાની તમામ સ્પર્ધાઓ માટે જિલ્લાના તમામ બ્લોકમાંથી ૦૬ સ્પર્ધા માટે એન્ટ્રી તા.૦૫/૧૦/૨૦૨૪ સુધીમાં મંગાવવી. જેમાં તમામ કેટેગરીમાંથી એન્ટ્રી આવે તેવા પ્રયત્ન કરવા.
- જિલ્લા કક્ષાની તમામ સ્પર્ધાઓ માટે તા.૦૫/૧૦/૨૦૨૪ સુધી આવેલ એન્ટ્રી જિલ્લાકક્ષાએ મળે તેની ચકાસણી કલા ઉત્સવની ગાઈન આધારે માન્ય કરવા અંગેની કાર્યવાહી જિલ્લાના જે તે સ્પર્ધાની ચકાસણીની કામગીરી સોંપેલ ઓઆઈસીઓએ કરવી.
- તમામ સ્તરની એન્ટ્રીની ચકાસણી તથા અન્ય ટેકનીકલ સહયોગ બાબતે જિલ્લા એમઆઈએસ અને બ્લોક એમઆઈએસનો ટેકલીનલ સહયોગ મેળવીને કામગીરી કરવી.
- જિલ્લા કક્ષાની સ્પર્ધા માટે માન્ય એન્ટ્રીના સ્પર્ધકને તેમની સ્પર્ધા માટે ફાળવેલ તારીખ, સમય અને સ્થળે આપેલ સમય કરતાં એક કલાક પહેલા જરૂરી સાધન–સામગ્રી સાથે પહોંચવા બીઆરસી/સીઆરસી અને શાળા મારફતે તા.૦૭/૧૦/૨૦૨૪ સુધીમાં જાણ કરવી.
- જિલ્લા કક્ષાની સ્પર્ધા સમયમર્યાદામાં પૂર્ણ કરવી.
- જિલ્લા કક્ષાની આયોજિત ૦૬ કેટેગરીની સ્પર્ધામાં દરેક કેટેગરીમાં પ્રથમ ક્રમે આવનાર સ્પર્ધક/ટીમને ઝોનકક્ષાની સ્પર્ધા માટે પસંદગી કરવી.
- જિલ્લા કક્ષાએ યોજાયેલ તમામ વિભાગની સ્પર્ધાદીઠ ૩ નિર્ણાયકો હોવા જરૂરી છે.
- જિલ્લા કક્ષાની તમામ સ્પર્ધાઓ તા.૧૦/૧૦/૨૦૨૪(સંભવિત)સુધીમાં પૂર્ણ કરી તેનું પરિણામ સંબંધિત ઝોનના જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને અને સ્ટેટ પ્રોજેકટ કચેરી, સમગ્ર શિક્ષા, સેકટર–૧૭, ગાંધીનગરને ઈ–મેઈલ qem-gcsess@gujarat.gov.in ને તા.૧૪/૧૦/૨૦૨૪ સુધીમાં મોકલી આપવાનું રહેશે. તેમજ સ્ટેટ પ્રોજેકટ કચેરી, સમગ્ર શિક્ષા કચેરીને સ્પર્ધાના હિસાબોનું માત્ર એકંદર પત્રક મોકલી આપવાનું રહેશે તથા બચત રકમ પરત જિલ્લાકક્ષાએ જમા લેવાની રહેશે. અસલ ફાઈલ જિલ્લા કક્ષાએ જમા રાખીને, જે તે સમયે ઓડીટ કરાવવાનં રહેશે.

(૨) ઝોન કક્ષાની સ્પર્ધા :

- જિલ્લાકક્ષાની સ્પર્ધામાં વિજેતા થયેલ સ્પર્ધક/ટીમની યાદી જે તે જિલ્લાએ ઝોનકક્ષાના કલા ઉત્સવ આયોજિત જિલ્લાને મોકલી આપવાની રહેશે. તથા તેની જાણ જે તે સ્પર્ધક/ટીમને બીઆરસી/સીઆરસી, શાળા મારફતે તા.૧૯/૧૦/૨૦૨૪ સુધી જાણ કરવાની રહેશે તથા તેની યાદી રાજયને મોકલી આપવી.
- ઝોન કક્ષાની સ્પર્ધાઓ તા.૨૫, ઓક્ટોબર(શુક્રવાર) થી ૨૬, ઓક્ટોબર(શનિવાર)–૨૦૨૪ દરમ્યાન (સંભવિત)જે તે ઝોનમાં યોજવાની છે. જે ઓફલાઈન મોડથી રહેશે.
- ઝોન કક્ષાના કન્વીનરશ્રીએ ઝોન કક્ષાની સ્પર્ધા માટે સ્થળ પસંદગી કરીને તા.૧૯/૧૦/૨૦૨૪ સુધીમાં રાજયકક્ષાએ જાણ કરવાની રહેશે.
- ઝોન કક્ષાએ દરેક વિભાગની તમામ સ્પર્ધાદીઠ ઓછામાં ઓછા ૩ નિર્ણાયકો હોવા જરૂરી છે. જે અન્વયે નિર્ણાયકોની પસંદગી કરી તેની જાણ તા.૧૯/૧૦/૨૦૨૪ સુધીમાં રાજયકક્ષાએ મોકલવાની રહેશે.
- ઝોન કક્ષાના કન્વીનરશ્રીએ સહ કન્વીનર જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીમાંથી ઝોન કક્ષાની સ્પર્ધા માટે જરૂર જણાયે સહયોગ મેળવી શકશે.
- ઝોન કક્ષાની સ્પર્ધા માટે દર્શાવેલ તારીખોમાં તમામ ઝોન કક્ષાની સ્પર્ધાઓ પૂર્ણ કરી વિજેતા થયેલ સ્પર્ધક/ટીમની યાદી તા.૨૮/૧૦/૨૦૨૪ સુધીમાં રાજયકક્ષાએ તથા રાજયકક્ષાના કલા ઉત્સવના આયોજિત જિલ્લાને મોકલવાની રહેશે જે અંગેની જાણ અત્રેથી કરવામાં આવશે.

(૩) રાજય કક્ષાની સ્પર્ધા :

- ઝોન કક્ષાએથી ૧૦ વિભાગમાં કુમાર અને કન્યા કેટેગીરીમાંથી પ્રથમ પસંદગી પામેલ વિજેતાઓ માટે રાજય કક્ષાની સ્પર્ધા તા.૨૧, નવેમ્બર(સોમવાર) થી ૨૨, નવેમ્બર(મંગળવાર)–૨૦૨૪ દરમ્યાન (સંભવિત) યોજવામાં આવશે. જે અન્વયે સ્થળની જાણ અત્રેથી કરવામાં આવશે.
- ઝોનકક્ષાની સ્પર્ધામાં વિજેતા થયેલ સ્પર્ધક/ટીમની જાણ સંબંધિત બીઆરસી/સીઆરસી અને શાળા મારફતે તા.૧૧/૧૧/૨૦૨૪ સુધી કરવાની રહેશે.
- રાજય કક્ષાની સ્પર્ધા માટે દર્શાવેલ તારીખોમાં રાજય કક્ષાની તમામ સ્પર્ધાઓ પૂર્ણ કરી વિજેતા થયેલ સ્પર્ધક/ટીમની યાદી તૈયાર કરી તેની જાણ સ્પર્ધકને રાજય કક્ષાની સ્પર્ધા પૂર્ણ થયેથી દિન–૫ માં જે તે જિલ્લા મારફતે કરવી.
- નેશનલ કક્ષાના કલા–ઉત્સવ માટે તૈયાર કરી તેની એન્ટ્રી NCERT ને નિયત સમયગાળા મોકલી આપવી. જે તારીખ NCERT તરફથી આવેથી જાણ કરવામાં આવશે.

(૪) રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધા :

- આ સ્પર્ધાના આયોજન અંગેની તારીખ, સ્થળ અંગેની જાણ ન્યુ દિલ્લી કક્ષાએથી થયેથી સંબંધિતને જાણ કરવામાં આવશે. જે અન્વયે રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધા માટે પસંદ થનાર સ્પર્ધકો તથા એસ્કોર્ટ માટે નિયત કરેલ રેલ્વે શ્રેણી/વર્ગ માટેનું રેલ્વે આરક્ષણ NCERT ની સૂચના મુજબ કરવામાં આવશે.
- નેશનલ લેવલની સ્પર્ધા માટે એનસીઈઆરટી, ન્યુ દિલ્લીની વેબસાઈટ પર સમયાંતરે આ બાબતે અપડેટ મૂકવામાં આવે છે તો તે વેબસાઈટ જોતાં રહેવુ.

ઉક્ત બાબતોને આધારે કલા ઉત્સવ વર્ષ–૨૦૨૪–૨૫ના આયોજન સંદર્ભે જિલ્લા, ઝોન અને રાજયકક્ષાની સ્પર્ધા આયોજન માટેની સમગ્ર માર્ગદર્શક સુચનાઓ તે અંગેની ગાઈડ લાઈન આધારે તૈયાર કરેલ છે. જે સામેલ છે.

(મહેશ મહેતા)
સચિવ
એસપીઓ, સમગ્ર શિક્ષા,
ગાંધીનગર

બિડાણ : (૧) કલા ઉત્સવ–૨૦૨૩ ગાઈડલાઈન
(૨) એનેક્ષર–૧ : સ્પર્ધાની વિગતો અને સમયપત્રક
(૩) એનેક્ષર–૨ : કલા ઉત્સવના આયોજન અંગેની સામાન્ય સૂચનાઓ

નકલ સવિનય રવાના જાણ અર્થે :

(૧) માન.અગ્ર સચિવશ્રી, (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ),શિક્ષણ વિભાગ, ગાંધીનગર
(૨) માન.એસપીડીશ્રી, સદર કચેરી. (૩) માન.એએસપીડીશ્રી, સદર કચેરી.
(૪) માન.નિયામકશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં–૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
(૫) માન.નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, બ્લોક નં–૧૨/૧ માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
(૬) માન.નિયામકશ્રી, જીસીઈઆરટી, સેક્ટર–૧૭, ગાંધીનગર

(૨) ઝોન કક્ષાની સ્પર્ધા :

- જિલ્લાકક્ષાની સ્પર્ધામાં વિજેતા થયેલ સ્પર્ધક/ટીમની યાદી જે તે જિલ્લાએ ઝોનકક્ષાના કલા ઉત્સવ આયોજિત જિલ્લાને મોકલી આપવાની રહેશે. તથા તેની જાણ જે તે સ્પર્ધક/ટીમને બીઆરસી/સીઆરસી, શાળા મારફતે તા.૧૯/૧૦/૨૦૨૪ સુધી જાણ કરવાની રહેશે તથા તેની યાદી રાજયને મોકલી આપવી.
- ઝોન કક્ષાની સ્પર્ધાઓ તા.૨૫, ઓકટોબર(શુક્રવાર) થી ૨૬, ઓકટોબર(શનિવાર)–૨૦૨૪ દરમ્યાન (સંભવિત)જે તે ઝોનમાં યોજવાની છે. જે ઓફલાઈન મોડથી રહેશે.
- ઝોન કક્ષાના કન્વીનરશ્રીએ ઝોન કક્ષાની સ્પર્ધા માટે સ્થળ પસંદગી કરીને તા.૧૯/૧૦/૨૦૨૪ સુધીમાં રાજયકક્ષાએ જાણ કરવાની રહેશે.
- ઝોન કક્ષાએ દરેક વિભાગની તમામ સ્પર્ધાદીઠ ઓછામાં ઓછા ૩ નિર્ણાયકો હોવા જરૂરી છે. જે અન્વયે નિર્ણાયકોની પસંદગી કરી તેની જાણ તા.૧૯/૧૦/૨૦૨૪ સુધીમાં રાજયકક્ષાએ મોકલવાની રહેશે.
- ઝોન કક્ષાના કન્વીનરશ્રીએ સહ કન્વીનર જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીમાંથી ઝોન કક્ષાની સ્પર્ધા માટે જરૂર જણાયે સહયોગ મેળવી શકશે.
- ઝોન કક્ષાની સ્પર્ધા માટે દર્શાવેલ તારીખોમાં તમામ ઝોન કક્ષાની સ્પર્ધાઓ પૂર્ણ કરી વિજેતા થયેલ સ્પર્ધક/ટીમની યાદી તા.૨૮/૧૦/૨૦૨૪ સુધીમાં રાજયકક્ષાએ તથા રાજયકક્ષાના કલા ઉત્સવના આયોજિત જિલ્લાને મોકલવાની રહેશે જે અંગેની જાણ અત્રેથી કરવામાં આવશે.

(૩) રાજય કક્ષાની સ્પર્ધા :

- ઝોન કક્ષાએથી ૧૦ વિભાગમાં કુમાર અને કન્યા કેટેગીરીમાંથી પ્રથમ પસંદગી પામેલ વિજેતાઓ માટે રાજય કક્ષાની સ્પર્ધા તા.૨૧, નવેમ્બર(સોમવાર) થી ૨૨, નવેમ્બર(મંગળવાર)–૨૦૨૪ દરમ્યાન (સંભવિત) યોજવામાં આવશે. જે અન્વયે સ્થળની જાણ અત્રેથી કરવામાં આવશે.
- ઝોનકક્ષાની સ્પર્ધામાં વિજેતા થયેલ સ્પર્ધક/ટીમની જાણ સંબંધિત બીઆરસી/સીઆરસી અને શાળા મારફતે તા.૧૧/૧૧/૨૦૨૪ સુધી કરવાની રહેશે.
- રાજય કક્ષાની સ્પર્ધા માટે દર્શાવેલ તારીખોમાં રાજય કક્ષાની તમામ સ્પર્ધાઓ પૂર્ણ કરી વિજેતા થયેલ સ્પર્ધક/ટીમની યાદી તૈયાર કરી તેની જાણ સ્પર્ધકને રાજય કક્ષાની સ્પર્ધા પૂર્ણ થયેથી દિન–૫ માં જે તે જિલ્લા મારફતે કરવી.
- નેશનલ કક્ષાના કલા–ઉત્સવ માટે તૈયાર કરી તેની એન્ટ્રી NCERT ને નિયત સમયગાળા મોકલી આપવી. જે તારીખ NCERT તરફથી આવેથી જાણ કરવામાં આવશે.

(૪) રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધા :

- આ સ્પર્ધાના આયોજન અંગેની તારીખ, સ્થળ અંગેની જાણ ન્યુ દિલ્લી કક્ષાએથી થયેથી સંબંધિતને જાણ કરવામાં આવશે. જે અન્વયે રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધા માટે પસંદ થનાર સ્પર્ધકો તથા એસ્કોર્ટ માટે નિયત કરેલ રેલ્વે શ્રેણી/વર્ગ માટેનું રેલ્વે આરક્ષણ NCERT ની સૂચના મુજબ કરવામાં આવશે.
- નેશનલ લેવલની સ્પર્ધા માટે એનસીઈઆરટી, ન્યુ દિલ્લીની વેબસાઈટ પર સમયાંતરે આ બાબતે અપડેટ મૂકવામાં આવે છે તો તે વેબસાઈટ જોતાં રહેવુ.

ઉકત બાબતોને આધારે કલા ઉત્સવ વર્ષ–૨૦૨૪–૨૫ના આયોજન સંદર્ભે જિલ્લા, ઝોન અને રાજયકક્ષાની સ્પર્ધા આયોજન માટેની સમગ્ર માર્ગદર્શક સુચનાઓ તે અંગેની ગાઈડ લાઈન આધારે તૈયાર કરેલ છે. જે સામેલ છે.

(મહેશ મહેતા)
સચિવ
એસપીઓ, સમગ્ર શિક્ષા,
ગાંધીનગર

બિડાણ : (૧) કલા ઉત્સવ–૨૦૨૩ ગાઈડલાઈન
(૨) એનેક્ષર–૧ : સ્પર્ધાની વિગતો અને સમયપત્રક
(૩) એનેક્ષર–૨ : કલા ઉત્સવના આયોજન અંગેની સામાન્ય સૂચનાઓ

નકલ સવિનય રવાના જાણ અર્થે :

(૧) માન.અગ્ર સચિવશ્રી, (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ),શિક્ષણ વિભાગ, ગાંધીનગર
(૨) માન.એસપીડીશ્રી, સદર કચેરી. (૩) માન.એએસપીડીશ્રી, સદર કચેરી.
(૪) માન.નિયામકશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં–૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
(૫) માન.નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, બ્લોક નં–૧૨/૧ માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
(૬) માન.નિયામકશ્રી, જીસીઈઆરટી, સેક્ટર–૧૨, ગાંધીનગર

## એનેક્ષર–(૧) સ્પર્ધાની વિગતો અને સમયપત્રક

| ક્રમ | ઈવેન્ટ/ કેટેગરી | દરેક સ્તરની સ્પર્ધા માટે નિષ્ણાંત/ જયુરી/નિર્ણાયક સમિતિ (૩ નિષ્ણાંત/ જયુરી રહેશે જે પૈકી ૧ સભ્ય જે તે જિલ્લાના DIET માંથી રહેશે.) |
|---|---|---|
| | **જિલ્લાકક્ષાનો કલા ઉત્સવ : ૦૯, ઓક્ટોબર,૨૦૨૪ અને ૧૦, ઓક્ટોબર, ૨૦૨૪** | |
| | **ઝોનકક્ષાનો કલા ઉત્સવ : ૨૫,ઓક્ટોબર અને ૨૬, ઓક્ટોબર, ૨૦૨૪** | |
| | **રાજયકક્ષાનો કલા ઉત્સવ : ૨૧,નવેમ્બર અને ૨૨, નવેમ્બર, ૨૦૨૪** | |
| ૧. | કંઠય સંગીત (Vocal Music) | ૩ નિષ્ણાંત/ જયુરી કે જે કંઠય સંગીત અંગેનું બહોળુ જ્ઞાન ધરાવતા હોય. |
| ૨. | વાદ્ય સંગીત (Instrumental Music) | ૩ નિષ્ણાંત/ જયુરી કે જે વાદ્ય સંગીત અંગેનું બહોળુ જ્ઞાન ધરાવતા હોય. |
| ૩. | નૃત્ય (Dance) | ૩ નિષ્ણાંત/ જયુરી કે જે નૃત્ય અંગેનું બહોળુ જ્ઞાન ધરાવતા હોય. |
| ૪. | થિયેટર(Theatre) / ડ્રામા (Drama) | ૩ નિષ્ણાંત/ જયુરી કે જે થિયેટર/નાટક અંગેનું બહોળુ જ્ઞાન ધરાવતા હોય.જે પૈકી ૦૧ પરંપરાગત વાર્તા વાંચન અંગેનું બહોળુ જ્ઞાન ધરાવતા હોય. |
| ૫. | પરંપરાગત વાર્તા વાંચન (Traditional Story Telling) | |
| ૬. | દ્રશ્ય કલા (Visual Arts) | ૩ નિષ્ણાંત/ જયુરી, જેમાં ૧ તજજ્ઞ ડ્રોઈંગ, ૧ પેઈન્ટીંગ અને ૧ તજજ્ઞ પ્રિન્ટ(છાપકામ) અંગેનું બહોળુ જ્ઞાન ધરાવતા હોય. |

**નોંધ : દ્રશ્ય કલા (Visual Arts)સ્પર્ધા બાબતે કલા ઉત્સવની ગાઈડ લાઈન મુજબ ૨ દિવસનો સમયગાળો નક્કી કરેલ છે.આ સ્પર્ધામાં જરૂર જણાયે ૩ દિવસ કરી શકાશે.**

## એનેક્ષર–(૨) કલા ઉત્સવના આયોજન અંગેની સામાન્ય સૂચનાઓ

કલા ઉત્સવની સામાન્ય સૂચનાઓ અને ગાઈડ લાઈન નીચે મુજબ છે તે મુજબ જિલ્લા, ઝોન અને રાજય કક્ષાએ આયોજન કરવું.

- ➢ સ્પર્ધા(ઈવેન્ટ) માટેની સામાન્ય માર્ગદર્શક સુચનાઓ/ગાઈડલાઈન :

### (૧) કંઠય સંગીત (Vocal Music) :

- ➢ કંઠય સંગીત (Vocal Music)કલાસીકલ (શાસ્ત્રીય),
- ➢ કંઠય સંગીત (Vocal Music)ટ્રેડીશનલ (પરંપરાગત)

કંઠય સંગીતમાં ચૌકકસ શૈલી અથવા પેટા–શ્રેણીમાંથી કોઈ એકમાં ભાગ લઈ શકાશે.

- પ્રસ્તુતિ માટેનો સમયગાળો ૪–૬ મિનિટનો રહેશે.
- પોશાકો, સેટિંગ્સ, પોપ્સ અને વસ્તુઓ –સાધનો પ્રસ્તુતિ સંબંધિત હોવા જોઈએ.
- વ્યવસાયિક સંગીતના ગીતોનો પ્રયોગ નિષેધ છે.
- કલાસીકલ સંગીતમાં ભારતીય સંગીત સાધન જેમાં તબલા, ઢોલક, નાલ, હારમોનીયમ, કેશીયો, મૃદંગમ વગેરે

**મૂલ્યાંકન શીટ : કંઠય સંગીત (Vocal Music) :**

| સુર | તાલ | શૈલીની પ્રમાણિકતા/ Style | પ્રસ્તુતિ ટેકનીક | લેખન / વિડીયો | કુલ ગુણ |
|---|---|---|---|---|---|
| ૨૦ | ૨૦ | ૨૦ | ૨૦ | ૨૦ | ૧૦૦ |

### (૨) વાદ્ય સંગીત (Instrumental Music):

વાદ્ય સંગીતમાં ચૌકકસ શૈલી અથવા પેટા–શ્રેણીમાંથી કોઈ એકમાં ભાગ લઈ શકાશે.

- ➢ શાસ્ત્રીય – અવનધ્ય વાદ્ય(એકલ)વાદ્ય સંગીત (Percussion Instrument)
- ➢ શાસ્ત્રીય –સ્વર વાદ્ય(એકલ) વાદ્ય સંગીત (Melodic Instrument)
- ➢ ઓર્કેટ્રા–(Instrumental Ensemble) વાદ્ય સંગીત–લોક/શાસ્ત્રીય(મહત્તમ ૦૫ વિદ્યાર્થીઓનું જૂથ)
  - અવનધ્ય વાદ્યમાં ભારતીય સંગીત વાદ્ય સામેલ છે. જેમાં મૃદગમ, તબલા, ઈદકકા, ઢોલ વગેરે
  - વાદ્ય સંગીતમાં સ્વર વાદ્ય (તાર/તંતુ, સુષિર)વાદ્ય સામેલ છે. જેમાં વાયોલીન, સિતાર, વાસુરી, સરોદ, વીણા, શરણાઈ અને સંતુર વગેરે
  - પ્રસ્તુતિ માટેનો સમયગાળો ૪–૬ મિનિટનો રહેશે.
  - વેશભુષા અને મંચ સજજતા પ્રસ્તુતિ સંબંધિત હોવા જોઈએ.
  - માત્ર સ્વદેશી સંગીતના સાધનોને જ અનુમતિ છે.
  - ઈલેકટ્રોનિક/પ્રોગ્રામેડ સંગીત વાદ્યના સાધનોને મંજુરી આપવામાં આવશે નહી.

**મૂલ્યાંકન શીટ : વાદ્ય સંગીત (Instrumental Music):**

| સુર | તાલ | શૈલીની પ્રમાણિકતા/ Style | પ્રસ્તુતિ ટેકનીક | લેખન/ વિડીયો | કુલ ગુણ |
|---|---|---|---|---|---|
| ૨૦ | ૨૦ | ૨૦ | ૨૦ | ૨૦ | ૧૦૦ |

(૩) નૃત્ય (Dance) :

નૃત્યમાં ચૌકકસ શૈલી અથવા પેટા–શ્રેણીમાંથી કોઈ એકમાં ભાગ લઈ શકાશે.

- ➢ નૃત્ય (Dance) કલાસીકલ (શાસ્ત્રીય)
- ➢ નૃત્ય (Dance) (લોકનૃત્ય)

- પ્રસ્તુતિ માટેનો સમયગાળો ૪–૬ મિનિટનો રહેશે.
- શાસ્ત્રીય નૃત્યની પ્રસ્તુતિની શૈલીમાં ભારત નાટયમ,છઉ, કથક, સત્તરિયા, કુચિપુડી, ઓડિસી,મોહિનીઅટ્ટમ, કથકલી અને મણીપુરી નૃત્ય રહેશે.
- પારંપરિક લોકનૃત્યની શ્રેણીમાં કોઈપણ પ્રાંત/પ્રદેશનું પારંપરિક લોક નૃત્ય રહેશે.
- નૃત્યની પ્રસ્તુતિ કોઈપણ શ્રેણી/પ્રકારની પારંપરિક/શાસ્ત્રીય/લોક/સમકાલીન હોઈ શકે છે.
- સહાયક સંગીત લાઈવ અથવા રેકોર્ડ કરેલ ઉપયોગમાં લઈ શકાશે.
- પોશાક અને મેકઅપ સરળ, અધિકૃત, વિષયવસ્તુ અને પ્રસ્તુતિને અનુરૂપ હોવુ જોઈએ.
- મંચ, વેશભૂષાની વ્યવસ્થા રાજય/સંઘ શાસિત પ્રદેશે કરવાની રહેશે.
- ટીમો ધ્વારા અત્યંત સરળ અને ન્યુનત્તમ સેટ,પોશાક વગેરેની વ્યવસ્થા કરવાની છે.

**મૂલ્યાંકન શીટ : નૃત્ય (Dance):**

| શૈલીની પ્રમાણિકતા/ Authenticity of Style | વિવિધતા/નવીનતાઓ (Communication Skill/Expression) | પોશાક (વેશભૂષા) | પ્રસ્તુતિ ટેકનીક | સંગીત | લેખન/ વિડીયો | કુલ ગુણ |
|---|---|---|---|---|---|---|
| ૨૦ | ૨૦ | ૧૦ | ૨૦ | ૧૦ | ૨૦ | ૧૦૦ |

(૪) થિયેટર(Theatre)/નાટક/ડ્રામા (Drama) :

થિયેટર/નાટકમાં ચૌકકસ શૈલી અથવા પેટા–શ્રેણીમાંથી કોઈ એકમાં ભાગ લઈ શકાશે.

- ➢ મોનો એકટ
- ➢ મિમીક્રી (એકલ)
- ➢ માઈમ (મહત્તમ ૫ વિદ્યાર્થીઓનો સમૂહ)
- ➢ નાટક (મહત્તમ ૫ વિદ્યાર્થીઓનો સમૂહ)

- સમૂહ નાટકમાં મહત્તમ ૫ વિદ્યાર્થીઓ હોવા જોઈએ.)નાટક(એક પાત્રીય અભિનય) માટે રાજય અથવા જે તે ક્ષેત્રના કોઈપણ પ્રસિધ્ધ વ્યકિતત્વ જેવા કે સમાજ સુધારક, કલાકાર, લેખક, કવિ, વૈજ્ઞાનિક, સ્વતંત્રતા સેનાની વગેરેના જીવનની ઝાંખી પ્રસ્તુત કરી શકશે.
- પ્રસ્તુતિ માટેનો સમયગાળો ૬–૮ મિનિટનો રહેશે.
- પ્રત્યેક ટીમને મંચ સજાવટ માટે ૦૫ મિનિટ તથા તેને દૂર કરવા માટે વધારાની ૦૫ મિનિટ મળશે.
- પ્રદશન જે તે ક્ષેત્ર/વિસ્તારની કોઈપણ ભાષા અથવા બોલીમાં રજૂ કરી શકાશે.
- વેશભૂષા, મંચ સજાવટ અને જરૂરી વસ્તુઓની વ્યવસ્થા જે તે સ્પર્ધકની ટીમ ધ્વારા સ્વયં કરવાની રહેશે.
- પ્રાશ્વ સંગીત માટે કોઈ ટ્રેક અથવા રેકોર્ડ કરેલ સંગીતનો ઉપયોગ કરી શકશે.

**મૂલ્યાંકન શીટ : થિયેટર(Theatre)/નાટક/ડ્રામા (Drama) :**

| વિષય/થીમ | સંચાર કૌશલ્ય/ અભિવ્યકિત | મંચ સજાવટ/ ડીઝાઈન | પોશાક અને /મેકઅપ | સંપૂર્ણ પ્રસ્તુતિ | લેખન / વીડિયો | કુલ ગુણ |
|---|---|---|---|---|---|---|
| ૨૦ | ૨૦ | ૧૦ | ૧૦ | ૨૦ | ૨૦ | ૧૦૦ |

(૫) દ્રશ્ય કલા (Visual Arts) :

- ➢ વિઝયુઅલ આર્ટસ (દ્વિ પરિમાણિય– 2 D )–(ડ્રોઈંગ, પેઈન્ટીંગ, પ્રિન્ટીંગ, કાર્ટૂન, કેરીકેચર)
- ➢ વિઝયુઅલ આર્ટસ (ત્રિ પરિમાણિય– 3D )–(મૂર્તિ કલા, મૂર્તિ–મોબાઈલ)
- ➢ દેશી(સ્થાનિક) રમકડા અને રમતો–(સ્થાનિક શિલ્પ)

સામાન્ય સૂચનાઓ :

- દ્રશ્ય કલાની સ્પર્ધા ત્રણ દિવસ માટે આયોજિત કરાશે. સ્પર્ધક સ્પર્ધા દરમ્યાન સ્થળ પર પોતાનું આર્ટવર્ક પુરૂ કરવું અપેક્ષિત છે. અગાઉથી બનાવેલ કૃતિ/આર્ટવર્કને અનુમતિ નથી.
- દ્રશ્ય કલા(દ્વિ–આયામી)આર્ટવર્ક ૨ X ૩ ફુટથી મોટું ન હોવું જોઈએ તેમજદ્રશ્ય કલા(ત્રિ–આયામી) આર્ટવર્ક ૨ X ૨ X ૨ ફુટથી મોટું ન હોવું જોઈએ.
- દેશી રમકડાં અને રમત માટે રમકડાંની મહત્તમ સંખ્યા ૦૪ હશે.
- સામગ્રી અને માધ્યમની પસંદગી વિદ્યાર્થીની પસંદગી અનુસાર હશે.
- દ્રશ્યકલાની પેટા શ્રેણીઓમાં ઉપયોગ કરવામાં આવનાર તમામ સામગ્રી ઈકો ફ્રેન્ડલી અને બાયો ડિગ્રેડેબલ હોવી જોઈએ.
- કલા સામગ્રીની વ્યવસ્થા જિલ્લાએ કરવી જોઈએ. માટી અને રેત જેવી કલા સામગ્રી અગાઉથી માંગણી કર્યેથી આયોજકો ધ્વારા પૂરી પાડવી. આ માટે જે તે નોડલ ઓફિસરે જરૂરીયાત મુજબની કલા સામગ્રીની આવશ્યકતા માટે અગાઉથી લેખિત જાણ કરવી જોઈએ.
- દેશી રમકડાંઓ બનાવનાર સ્પર્ધક પાસે એવી અપેક્ષા રાખવામાં આવે છે કે દેશી રમકડાં/રમતની કાર્યાત્મક ચોકસાઈ અને તેની મૂળ ડિઝાઈન પર ધ્યાન કેન્દ્રિત કરે.
- સ્પર્ધકોએ જયુરી સાથે ક્રિયા–પ્રતિક્રિયા માટે ઉપલબ્ધ રહેવાનું રહેશે. જયુરી બન્ને દિવસ સહભાગીઓના કાર્યનું નિરીક્ષણ અને તેમની સાથે વાતચીત કરતા રહેશે.

**મૂલ્યાંકન શીટ : દ્રશ્ય કલા (Visual Arts)**

| રચના અને શૈલી | મૌલિકતા | ટેકનીક | પ્રસ્તુતિ /વર્ણન | લેખન/ વિડીયો | કુલ ગુણ |
|---|---|---|---|---|---|
| ૨૦ | ૨૦ | ૨૦ | ૨૦ | ૨૦ | ૧૦૦ |

(૬) પરંપરાગત વાર્તા વાંચન (Traditional Story Telling) :

- સ્પર્ધક વાર્તા વાંચનમાં કોઈ એક અથવા એક થી વધુ કલા સ્વરૂપો(નૃત્ય, સંગીત, દ્રશ્યકલા કે નાટક)નો ઉપયોગ કરી શકશે.
- ૦૧ કે ૦૨ સ્પર્ધક સાથે મળી વાર્તા સંભળાવશે.
- વેશભૂષા, મેકઅપ, મંચ સજાવટ અને સંગીત સ્પર્ધકની પસંદનું હોઈ શકે છે.
- કથન ૦૫ મિનીટ થી વધુ ન હોવું જોઈએ.
- પ્રસ્તુતિ કોઈપણ બોલી અથવા ભાષામાં હોઈ શકે છે.

**મૂલ્યાંકન શીટ : વાર્તા વાંચન**

| વિષય/થીમ | સંચાર કૌશલ્ય/ અભિવ્યકિત | મંચ સજાવટ /ડિઝાઈન | પોશાક અને મેકઅપ | સંપૂર્ણ પ્રસ્તુતિ | લેખન અને વીડિયો | કુલ ગુણ |
|---|---|---|---|---|---|---|
| ૨૦ | ૨૦ | ૧૦ | ૧૦ | ૨૦ | ૨૦ | ૧૦૦ |

**ખાસ નોંધ :** ઉપરોકત ગુજરાતી માર્ગદર્શિકા સરળતા ખાતર આપવામાં આવેલ છે. કોઈપણ તબકકે આવશ્યક/અંતિમ નિર્ણય માટે NCERT ધ્વારા આપવામાં આવેલ માર્ગદર્શિકા/ગાઈડલાઈન (હિન્દી અને અંગ્રેજી) ધ્યાને લેવાની રહેશે. જે NCERT ની વેબસાઈટ www.kalautsav.in પર ઉપલબ્ધ છે

